મહેસાણામાં વોલ પેન્ટિંગ કરાયું

મહેસાણા જિલ્લામાં રાજ્યકક્ષાના ૬૯મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ રહી છે. રાજ્યકક્ષાની ઉજવણી પ્રસંગે જિલ્લામાં અનેરો માહોલ મહેસાણામાં જોવા મળી રહ્યો છે. રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં જનભાગીદારી પણ જોડાઈ રહી છે. જેના ભાગરૂપે આજે મહેસાણામાં વોલ પેન્ટિંગ કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના શિક્ષકો સહિત ફાઈન આર્ટ કોલેજના વિદ્યાર્થીઓએ જુદા જુદા મુદ્દે વોલ પેન્ટિંગ કરીને સ્થાનિકોને દેશ ભક્તિના સ્લોગન સહિતના ચિત્રો અર્પણ કર્યા હતા. મહેસાણા જિલ્લામાં આગામી દિવસોમાં જુદા જુદા કાર્યક્રમ થકી હવે મહેસાણામાં દેશભક્તિનું વાતાવરણ ખડુ થવા ગયુ છે. મહેસાણા જિલ્લામાં રાજ્યકક્ષાના ૬૯મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી થઈ રહી છે. જેને લઈને આજે મહેસાણાના જાહેર માર્ગો પર મોદી સરકાર અને રાજ્ય સરકારના વિવિધ યોજનાઓ સહિત લોકો માટે જાગૃતિના ભાગ સ્વરૂપના પેન્ટિંગ મહેસાણામાં કરવામાં આવ્યા હતા.

ભાજપ શાસિત પાલનપુર પાલિકામાં ગેરકાયદે ભૂગર્ભ ગટર કનેક્શન કૌભાંડ આચરાયાની ફરિયાદ

પાલિકાએ સર્વે હાથ ધરી નોટિસ ફટકારવાની તજવીજ હાથ ધરી

પાલનપુર, તા. ૨૩

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં પાલિકાના આંખ આડા કાન કરવાની નીતિને પગલે ભૂગર્ભ ગટર યોજનામાં ગેરકાયદે કનેક્શન જોડાણ કરાતું હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. ૧૦૦ ઉપરાંત રહીશોએ ગેર કાયદેસર જોડાણો લઇ લીધા બાદ કુંભકર્ણની ગાઢ નિદ્રામાં પોઢેલી પાલિકાએ સફાળા જાગી સર્વે હાથ ધરી નોટિસ ફટકારવાની કાર્યવાહી હાથ ધરી હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં શહેરના પુલ પછીના સુખબાગ રોડ તેમજ આબુ હાઈવે વિસ્તારમાં પાલિકા દ્વારા નવી ભૂર્ગભ ગટરલાઈન નાંખવામાં આવી છે. જે હજુ શરૂ કરવામાં આવી નથી. ત્યાં ૧૦૦ ઉપરાંત રહીશોએ પાલિકાના સત્તાધીશોની આંખ આડા કાન કરવાની નીતિને પગલે પોતાના ઘર વપરાશ તેમજ સંડાસ- બાથરૂમના જોડાણો ગેર કાયદેસર રીતે આ નવી ગટરલાઈનમાં જોડી દીધા છે. આ અંગેની જાણ થતા પાલિકા દ્વારા સર્વે હાથ ધરી આવા રહીશોને નોટિસ ફટકારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, આવા ગેરકાયદેસરના જોડાણ સામે બેદરકારી દાખવનાર પાલિકાના જવાબદાર કર્મચારીઓ સામે પણ પગલાં ભરવામાં આવે તે જરૂરી બન્યું છે.

મોડાસાના કોલીખડ ગામ નજીક ખેતરમાં જુગાર રમતા ૬ જુગારીઓ ઝડપાયા

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા શહેરમાં અનૈતિક પ્રવૃતિઓએ માજા મૂકી હોય તેમ ઠેર ઠેર દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ અને જુગાર અને વરલી-મટકાની પ્રવૃત્તિ ફૂલી ફાલી છે. મોડાસા ટાઉનપોલીસે નવા કોલીખડ ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં હારજીતનો જુગાર પૈસા માંડી રમતા ૬ શકુનિઓને ઝડપી પડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોડાસા તાલુકાના નવા કોલીખડ ગામ નજીક ખુલ્લા ખેતરની જગ્યાએ જુગાર રમાતો હોવાની બાતમી મોડાસા ટાઉન પોલીસને મળતા સોમવારે સાંજના સુમારે રેડ પાડી વગર પાસપરમીટે પત્તા પાનાનો હારજીતનો પૈસાથી જુગાર રમાડતા અને રમતા મોહમ્મદ હનીફ ગુલામનબી પટેલ (ઉં. વર્ષ૫૨, રહે- ૨૫ રોનક સોસાયટી) શકુર મહંમદહુસૈન મિસ્ત્રી(ઉં.વર્ષ ૭૦, રહે-સાબલીયા સ્ટેટ સોસાયટી), સલીમ અબ્દુલકરીમ બાકરોલીયા(ઉં.વર્ષ૫૨, રહે. ૪૧ સમ્મેહિદાયત સોસાયટી), મુસ્તાકહુસૈન ગુલામહુસૈન સુથાર (ઉં.વર્ષ-૫૦, રહે.૩૮) મખદૂમ સોસાયટી), મહમ્મદ રફીક અબ્દુલ કરીમ બાકરોલીયા (ઉં.વર્ષ૪૨, રહે- ૧૪ હુસૈની સોસાયટી) તમામ રહે.મોડાસા-૬), રાહુલ લીંબાભાઈ રાઠોડ (ઉં. વર્ષ ૩૦, રહે.બાકરોલ (મહાદેવ ગ્રામ-મોડાસા)ને ઝડપી પાડી જુગાર રમાડતા સાધનો તથા રોકડ રકમ ૩૬૦૦ તથા મોટરસાયકલ નંગ-૧ કીં.રૂ. ૩૫૦૦૦ મળી કુલ રૂ.૩૮૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા ૬ શકુનિઓ વિરુદ્ધ મોડાસા ટાઉનપોલીસે જુગારધારા કલમ-૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગઠામણ પાટિયા પાસે જીપમાં મોત

પાલનપુરના ગઠામણ પાટિયા પાસે એક ૫૦ વર્ષીય પ્રૌઢનું ચાલુ જીપમાં મોત નિપજ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે. ડીસા તાલુકાના રાણપુર ઉગમણા વાસના ૫૦ વર્ષીય નાગજીભાઈ નથુભાઈ રબારીનું ગઠામણ પાટિયા પાસે ચાલુ જીપમાં મોત નિપજ્યું હતું. જીપમાં લોહીની ઉલ્ટી બાદ મોત થયું હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે મૃતદેહને પી.એમ.અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો.

૨૫ યુગલોના પરિવારજનોને લગ્ન અંગેની ચીજવસ્તુઓ અપાઈ

પાલનપુરમાં આગામી ૨૮મી જાન્યુઆરીએ યોજાનારા આંતર જ્ઞાતિય સમૂહલગ્ન પ્રસંગે રવિવારે પરિવારજનોને લગ્ન અંગેની ચીજ વસ્તુઓ દાતાઓ દ્વારા આપવામાં આવી હતી. શાંતીપુરમ પાલનપુર સ્થિત શ્રી સદગુરુ કબીર રામસ્વરૂપદાસજી ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે વર અને કન્યા પક્ષના ૫૦ પરિવારોને એડવાન્સમાં લગ્ન અંગેની ચીઝ વસ્તુઓ આપવામાં આવી હતી. પાછલા ૧૪ વર્ષથી ફાઉન્ડેશન દ્વારા જુદી જુદી સમાજના લગ્નો સફળતા પૂર્વક પાર પાડવામાં આવે છે. લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓના પરિવારજનોના અગાઉથી નામ નોંધાવવામાં આવ્યા બાદ સમગ્ર પ્રસંગ પાર પાડવામાં આવે છે જેમાં જુદા જુદા દાતાઓ દ્વારા જુદી જુદી ચીજ વસ્તુઓ કરીયાવારમાં આપવામાં આવે છે. સત્યમ સંસ્કાર મંદિર ખાતે આગામી ૨૮ જાન્યુઆરીએ યોજાનાર આ સર્વ જ્ઞાતિય સમૂહ લગ્નના પગલે પરિવારજનોને દાતાઓ દ્વારા સોનાની બુટી, સોનાની નાકની ચૂક, સોનાની હાથની ચૂડી જોડી, ચાંદીની પગની પાયલ, ચાંદીનું મંગલ સૂત્ર, ચણીયા ચોળી, શેરવાની શૂટ, સહિતની લગ્નની ચીઝ વસ્તુઓ આપવામાં આવી હતી.

હિન્દુ યુવા વાહીની અરવલ્લી દ્વારા માલપુર ખાતે હિન્દુ યુવા એકતા સંમેલન યોજાયું

હિન્દુ યુવા વાહીની અરવલ્લી દ્વારા માલપુર ખાતે હિન્દુ યુવા એકતા સંમેલન યોજાયું હતું. જે પ્રસંગે હિન્દુ યુવા વાહીની ગુજરાત પ્રદેશ અધ્યક્ષ નરેન્દ્ર ચૌધરી, ઉપાધ્યક્ષ હનુમાન ત્રિપાઠી, મહંત અરવિંદગીરીજી, કિશનજી, સુરત જિલ્લા અધ્યક્ષ વિકાસ આહીર ઉપસ્થિત રહ્યા હતા. જે પ્રસંગે માલપુર ખાતે ૧૦૦૦ થી પણ વધુ હિન્દુ યુવા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા જે પ્રસંગે હિન્દુ નેતા વિકાશ આહીર એ જાતિવાદ ભૂલી હિન્દુ ધર્મ એકતા માટેના શપથ લેવડાવ્યા હતા તેમજ લવ જેહાદ સામે હિન્દુ દીકરીઓને સજાગ રહેવા માટેની અપીલ કરી, હિન્દુ યુવાનોને ધર્મ જાગૃતતા માટે અગ્રેસર કરવા અપીલ કરી હતી તેમજ સમગ્ર જિલ્લાઓમાં હિન્દુ યુવા એકતા સંમેલન યોજવાની જાહેરાત કરી હતી, જે પ્રસંગે અરવલ્લી જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડયા, સુરપાલસિંહ રાઠોડ, મહેશ જાગડા, રાજન પ્રણામી, સચિન જી. તેમજ અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લીના જાણીતા કેળવણીકાર ડૉ. સંતોષ દેવકરનું સન્માન કરાયું

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી જિલ્લામાં શિક્ષણની ધૂણી ધખાવીને બેઠેલા શિક્ષણ તજજ્ઞ, કટારલેખક અને કેળવણીકાર ડૉ. સંતોષ દેવકરનું ગુજરાતના મહામહિમ રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલીના વરદહસ્તે સારસ્વત એવોર્ડ આપીને સન્માન કરવામાં આવ્યુ. જેથી જિલ્લામાં અને શિક્ષણ આલમમાં આનંદની લાગણી પ્રસરી છે.

અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ ડૉ. ઓમપ્રકાશ કોહલીજી, યોગાચાર્ય પૂ. સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ (શિવાનંદ આશ્રમ), પી.કે. લહેરી (આઈએએસ) તથા વિશાળ સંખ્યામાં શિક્ષણ તજજ્ઞો અને ગુજરાતભરના કેળવણીકારોની ઉપસ્થિતિમાં જીએમડીસી ઓડિટોરીયમ હોલ, હેલ્મેટ સર્કલ, વસ્ત્રાપુર અમદાવાદ મુકામે રાખવામાં આવ્યો હતો. ડૉ. સંતોષ દેવકર છેલ્લા સત્તર વર્ષથી અરવલ્લી જિલ્લાના શિક્ષણધામ મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળની લાટીવાળા ડી.એલ.એડ. કોલેજમાં શિક્ષણની ધૂણી ધખાવીને બેઠા છે. સદર કોલેજમાં પરિશ્રમી અને નિષ્ઠાવાન અનેક શિક્ષકો તૈયાર થઈને સમગ્ર ગુજરાતની શાળાઓમાં શિક્ષણકાર્ય કરી રહ્યાં છે.

ડૉ. દેવકર ઉત્તમ કક્ષાના સાહિત્યકાર છે. તેમના ચારસો ઉપરાંત શૈક્ષણિક અને પ્રેરણાત્મક લેખો પ્રસિદ્ધ થયા છે. અત્રે નોંધનીય છે કે તેમના સોળ ઉપરાંત પુસ્તકો પ્રકાશિત થયા છે. જેમાં તાજેતરમાં પ્રકાશિત થયેલું 'શિક્ષક અને કેળવણી' પુસ્તક માત્ર ત્રણ મહિનાના ટુંકાગાળામાં ઉપડી ગયુ. જેની બીજી આવૃત્તિ થઈ રહી છે. ડૉ. સંતોષ દેવકર દ્વારા ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળમાં ધોરણ ૧ થી ૫ ગુજરાતી તથા ધો. ૯ અને ૧૦માં ગુજરાતીના લેખનમાં લેખક તરીકે સેવાઓ આપી છે.

મોડાસા કોલેજમાં સમકલા કલ્ચરલ ફોરમ અને પીસીએસએસ કેરીયર ડેવલપમેન્ટ એકેડેમી સ્પર્ધાત્મક પરીક્ષાના કો. ઓર્ડીનેટરની સેવાઓ આપે છે. શબ્દસેતુ સાહિત્ય સંસ્થામાં સહમંત્રી તરીકે અને જેસીઆઈ મોડાસાના પ્રમુખ તરીકે છેલ્લા ત્રણ વર્ષથી સેવાઓ આપી રહ્યા છે. તેમના વધુ પુસ્તકો પ્રકટ થાય અને શિક્ષણની વધુ સેવાઓ સમગ્ર ગુજરાતને પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા પાઠવનારા સર્વ નવીનભાઈ મોદી, બિપીનભાઈ શાહ, ડૉ. અરૂણભાઈ શાહ, સુભાષભાઈ શાહ, સુરેન્દ્રભાઈ શાહ, ડૉ. ઘનશ્યામભાઈ શાહ, નિલેશભાઈ જોશી, રાકેશભાઈ પટેલ, જય અમીન, નવનીતભાઈ પરીખ, મુકુન્દભાઈ શાહ વગેરેએ શુભેચ્છાઓ પાઠવી છે.

પાલનપુર પોલીસ હેડકવાર્ટસમાં વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો

ધોરણ-૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય કિશોરીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી લેતા ચકચાર

પાલનપુર, તા. ૨૩

પાલનપુર પોલીસ હેડકવાર્ટસમાં રહેતી અને ધો. ૧૨માં અભ્યાસ કરતી એક

૧૭ વર્ષીય છાત્રાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કરી લેતાં ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પોલીસ હેડ કવાર્ટસમાં કોન્સટેબલ તરીકે ફરજ બજાવતાં ચંદુભાઈ ગમારની ૧૭ વર્ષીય પુત્રી નયના શહેરની ગર્લ્સ હાઈસ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરે છે. તેણીએ ગત સાંજે શાળામાંથી આવ્યા બાદ અગમ્ય કારણોસર કવાર્ટસમાં ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી ગઈ હતી. આ અંગેની જાણ થતાં પરિવારજનો તેમજ આજુબાજુના લોકો એકત્ર થઈ ગયા હતા. અને મૃતદેહને પીએમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

ધાનેરા નેનાવા ત્રણ રસ્તા પાસે ખુલ્લી ગટરમાં ગાડી ખાબકી

ધાનેરામાં ખુલ્લી ગટરમાં ગાડી પડી જતા લોકોમાં ચકચાર મચી જવા પામી હતી તો બીજી તરફ કોઈ જાનહાની ન થતા લોકોએ પણ રાહત નો શ્વાસ લીધો હતો. ધાનેરામાં જાહેર રસ્તા ઉપર ખલ્લી ગટરને લઈ લોકોને અવાર નવાર નુકશાન વેઠવાનો વારો આવે છે તો આ ખુલ્લી ગટર માં પડી કેટલાય અબોલ પશુઓએ પણ પોતાનો જીવ ગુમાવ્યો છે લોકો ધ્વરા ખલ્લી ગટર બાબતે તંત્ર નું ધ્યાન દોરવા છતાં પણ કોઈ કામગીરી ન થતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે ત્યારે આજે મોડી રાત્રે ધાનેરા નેનાવા ત્રણ રસ્તા પાસે એક બોલેરો નો ચાલાક રાજેસ્થાન તરફ જઈ રહ્યો હતો તે સમયે અચાનક ગાડી ગટર માં ખાબકી જતા ગાડી ના માં બેઠેલા લોકોને તાત્કાલિક બહાર નીકળી દેતા ભારે હેનારત સર્જાતા અટકી હતી પરંતુ હવે ધાનેરા નું૭ સ્થાનિક તંત્ર જાગે અને આ બાબતે તટસ્થ કાર્યવાહી કરે નહીંતર આવનાર સમય માં આ ખુલ્લી ગટરો લોકો માં મોતની ગટર બને તો નવાઈ વાત નહીં.

ડીસામાં અક્ષર કેરિયર એકેડેમી દ્વારા માર્ગદર્શન સેમિનાર

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસા શહેરમાં નવ યુવાનો દ્વારા એક સુંદર કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે જેનું નામ છે અક્ષર કેરિયર એકેડેમી. ડીસામાં હજારો નવ યુવાનો નોકરીની શોધમાં ફરતા હોય છે અને માર્ગદર્શન ના મળતું હોય આ યુવાનોને કોઈ પણ સરકારી નોકરીમાં મહા મેહનત કર્યા હોવા છતાં નિરાશા જોવા મળતી હોય છે પરંતુ ડીસાવાસીઓ માટે ખુશ ખબર છે કે હવે આપને માર્ગદર્શન મળશે. અક્ષર કેરિયર એકેડેમી ડીસામાં જેમાં આ બધા સવાલોના જવાબો મળશે એક જ જગ્યાએ મળી જાય એવી ઉત્તર ગુજરાતની એકમાત્ર નામાંકિત સંસ્થા એટલે અક્ષર કેરિયર એકેડેમી. ડીસામાં ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં લેવામાં આવતી સરકારી ભરતીઓમાં આજે ડીસા શહેર તેમજ તાલુકાના મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનોને સોનેરી તક છે ત્યારે આજે ડીસાના વિશ્વકર્મા ભગવાનના મંદિરના પટાંગણમાં આજે સેમિનારનું માર્ગદર્શન યોજાયું હતું.

નડિયાદ ખાતે જે.જે. એક્ટ અને પોક્સો એક્ટ અંતર્ગત વર્કશોપ યોજાયો

જિલ્લા બાળ સુરક્ષા એકમ, નડીઆદ દ્વારા તા.૨૦-૧-૨૦૧૮ના રોજ હોટેલ એકવોનોઝ ખાતે પોલીસ વિભાગ અને જિલ્લા કાનૂની સેવા સતા મંડળના નોંધાયેલ વકિલો સાથે જે.જે. એક્ટ -૨૦૧૫ અને બાળકોને જાતિય સતામણી સામે રક્ષણ આપતો કાયદો, દતક વિધાન, ચાઈલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ અને બાળ સુરક્ષાની યોજનાકિય માહિતી આપતો એક દિવસીય વર્કશોપ યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા કાનૂની સેવા સતા મંડળના સેક્રેટરી પી.એસ. સીંધી સાહેબ, સી.ડબલ્યુ.સી. ચેરમેન આર.કે. સરૈયા સાહેબ, ડીવાયએસપી રાઠોડ સાહેબ, જે.જે.બી. સભ્ય નિમેશભાઈ પટેલ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મહેશભાઈ પટેલ, આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીકયુટર એસ.આર. બ્રાહમણ સાહેબ, તેમજ વિષય નિષ્ણાંત તરીકે નિવૃત સીટી સીવીલ એન્ડ સેસન્સ જજ ડો. જયોત્સનાબેન યાજ્ઞિક અને જિલ્લા બાળ સુરક્ષા એકમનો સ્ટાફ ઉપસ્થિત રહયો હતો. ડો. જયોત્સનાબેન યાજ્ઞિક દ્વારા જુવેનાઈલ જસ્ટિસ એક્ટ -૨૦૧૫ અને પોકસો એકટ ૨૦૧૨ ની વિસ્તૃત માહિતી અમુજી ભાષા અને સાયરાના અંદાજથી આપવામાં આવેલ. દતક વિધાનનો કાયદો જિલ્લા બાળ સુરક્ષા એકમના બિનસંસ્થાકિય અધિકારી કૃણાલભાઈ વાઘેલાએ સમજાવેલ અને ચાઈલ્ડ ટ્રેકીંગ સીસ્ટમ વિશે સી. ડબલ્યુ. સી.ના ઓપરેટર કેયુરભાઈ પરમાર દ્વારા સમજાવવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન જિલ્લા બાળ સુરક્ષા એકમના કાઉન્સેલર ત્રીભોવનભાઈ મકવાણા અને ડેટા અનાલીસ્ટ પ્રિતેશભાઈ શર્મા દ્વારા કરવામાં આવેલ. સંપૂર્ણ રૂપરેખા અને હેતુ જિલ્લા બાળ સુરક્ષા એકમના લીગલ કમ પ્રોબેશન ઓફિસર કિર્તીબેન જોષી દ્વારા આપવામાં આવેલ.

ધાનેરા ખાતે શ્રી રાજ સોભાગ્ય સત્સંગ મંડળ સંચાલિત

આર્શિવાદ વિકલાંગ ટ્રસ્ટ સાયલા દ્વારા સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

ધાનેરા શાહ રામચંદ સ્વરાજ જનરલ હોસ્પીટલ ખાતે દિવ્યાંગો સૈભાગ્ય સત્સંગ મેડલ સંચાલિત આર્શિવાદ વિકલાંગ સાયલા નાં

માટે ચેકપ કેમ્પ અને સાધન સામર્ગી નો કેમ્પ કરવામાં આવેલ જેમા ટ્રાયસિકલ હીલચેર કાખઘોડી વોકર કુત્રિમપગ મંદબુધ્ધિ બાળકોની શૈક્ષણિક કિટ બ્લાઈંડ સ્ટીક અને કાને સાંભળવાના મશીનો વિનાં મુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી રાજ દાતા ડો.ભુપેનભાઈ અને નીતા બેન મહેતા શ્રી કટારીયા પરીવાર તથા સ્વ શ્રી હીરાબેન નવલચંદ સ્વરાજ ફોફારીયા નાનાલાલ ડાહ્યાભાઈ કટારીયા કાન્તાબેન નાનાલાલ કટારીયા ભાનુમતી વિનોદરાય કટારીયા આમ કટારીયા પરીવારે વિકલાંગો ને સાધન સામગ્રી નુ વિતરણ કર્યું હતું આ પ્રસંગે ધાનેરા તાલુકામાં મોટી સંખ્યામાં વિકલાંગ દિવ્યાંગો હાજર રયા હતા સાધન સામગ્રી તથા ભોજન નો લાભ લીધો હતો. આ પ્રસંગે અજબાણી સેવંતીલાલ જશકરણ તરફથી રૂ.૧લાખ એકહજાર નો ચેક દાન પેટે આપ્યો હતો અને આ કાર્યક્રમા ભોજનના દાતા શ્રી રામભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.